આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **12-11-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## CM : તાનારીરી એવોર્ડ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડનગરમાં શાસ્ત્રીય સંગીતની બે પ્રતિભાઓનું તાના-રીરી એવોર્ડથી ગૌરવ સન્માન કર્યુ હતું. મહારાષ્ટ્રનાં વિદુષી પદ્મા સુરેશ તળવલકર અને અમદાવાદના ડૉક્ટર શ્રીમતી પ્રદિપ્તા ગાંગુલીને અઢી લાખની પુરસ્કાર રાશિ, તામ્રપત્ર તથા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

**RNU** અમદાવાદ

---

## બિરસા મુંડા જયંતીની ઉજવણી

આદિવાસી સમાજના ક્રાંતિકારી લડવૈયા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે અમદાવાદ હાટ, વસ્ત્રાપુર ખાતે ૧૫ થી ૧૯ નવેમ્બર દરમિયાન ‘પરંપરાગત આદિવાસી હસ્તકલા-કૃતિ, આહાર, વન ઔષધીય વેચાણ અને પ્રદર્શન મેળો યોજાશે. આ મેળામાં

અંબાજીથી ઉમરગામ સુધીનો આદિવાસી વિસ્તાર ધરાવતા ૧૪ જિલ્લાના હસ્ત કલાકારો તેમની ભાતીગળ હસ્તકલા-કૃતિઓને પ્રદર્શિત કરશે.

ઉલ્લેખનીય છે કે 15 નવેમ્બરને દેશભરમાં જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે આદિજાતિ વિકાસ વિભાગ અને આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગાંધીનગર દ્વારા આ મેળો યોજાશે.

**RNU અમદાવાદ**

----------------------------------------------------------------------

## દેવ ઉઠી અગિયારસ

દેવ-ઉઠી એકાદશીના દિવસે આજે દેવમંદિરોમાં તુલસી વિવાહના વિવિધ કાર્યક્રમો તથા વિશેષ પુજા યોજાઇ રહી છે. દરમિયાન આજના દિવસે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. સ્થાનિક બુલિયન માર્કેટમાં ઘટાડાની ચાલ જોવા મળી રહી છે.

**RNU અમદાવાદ**

----------------------------------------------------------------------

## કચ્છનાર રાપરમાં સામૂહિક તસ્કરી

કચ્છમાં રાપરના ચિત્રોડ અને જેઠાસરી ગામે 11 દેવ મંદિરોમાં આ સપ્તાહમાં રૂ.97 હજારની ચોરીની ઘટનાનો ભેદ ઉકેલવા પોલીસ

તપાસ ચાલુ છે ત્યારે ફરી નજીકના કાનમેર ગામે 8 મંદિરોમાં મૂર્તિ પર ચડાવેલ ચાંદીના ઘરેણા અને દાનપેટીની રકમ અસામાજિક તત્વો દ્વારા ચોરી થઇ છે. જે અંગે ગાગોદર પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી છે. એક જ સપ્તાહમાં દેવમંદિરોમાં સામૂહિક તસ્કરીના પગલે ભાવિકોમાં રોષની લાગણી ફેલાઇ છે અને આ અંગે યોગ્ય પગલાં લેવાની માંગ કરવામાં આવી રહી છે.

**N.P. / જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------

## રણોત્સવ વિશેષ બસ

કચ્છના પ્રવાસનની ઓળખ સમાન કચ્છ રણોત્સવનો ગકાઈલથી પ્રારંભ થયો છે. રણમાં આવતા પ્રવાસીઓની સુવિધા માટે જિલ્લા સમાહર્તાની સચૂનાથી કચ્છ એસટી વિભાગ દ્વારા ભુજ ધોરડો વચ્ચે વિશેષ બસ સેવા શરૂ કરવામાં આવી છે.

આ અંગે વિગતો આપતા વિભાગીય નિયામક યોગેશ પટેલે જણાવ્યું કે, ભુજથી દરરોજ સવારે ૮:૩૦, ૧૦:૩૦, બપોરે ૧ અને ૨:૩૦ કલાકે બસ ઉપડશે. જ્યારે ધોરડોથી ભુજ આવવા સવારે ૧૧:૧૫ અને સાંજે ૬ અને ૭ કલાકે બસ ધોરડોથી ઉપડશે. કચ્છ રણોત્સવમાં જવા ઈચ્છતા પ્રવાસીઓને એસટીની સલામત અને સસ્તી સેવાનો લાભ લેવા તેમણે પ્રવાસી જનતાને અનુરોધ કર્યો હતો.

**N.P. / જાગૃતિ વકીલ**

---

## જાહેર સેવા પ્રસારણ દિવસ

આજે જાહેર સેવા પ્રસારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. દર વર્ષે, આ દિવસ 1947 માં દિલ્હીમાં ઓલ ઇન્ડિયા રેડિયો, આકાશવાણીના સ્ટુડિયોમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ગૌરવપૂર્ણ આગમનની યાદમાં ઉજવવામાં આવે છે.

મહાત્મા ગાંધીએ દેશના વિભાજન બાદ હરિયાણાના કુરુક્ષેત્રમાં અસ્થાયી ધોરણે સ્થાયી થયેલા વિસ્થાપિત લોકોને સંબોધિત કર્યા હતા. ગાંધીજીએ કહ્યું હતું કે  કે તેમણે રેડિયો માધ્યમનીશક્તિ,ને  ભગવાનની ચમત્કારિક શક્તિ તરીકે જોયું. આજે આ અવસર પર આકાશવાણી દિલ્હીના પરિસરમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ યુનિવર્સિટી

કચ્છ વિશ્વ વિદ્યાલયની સ્થાપનાના બે દાયકા બાદ પ્રથમ વખત નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન કાઉન્સિલમાં એસએસઆર રિપોર્ટ સબમીટ કરાયો હતો, જેને કચ્છ યુનિ.ના કુલપતિ ડો. મોહન પટેલે ઐતિહાસિક ક્ષણને સહિયારા પ્રયાસોની સફળતા ગણાવી હતી.

**N.P. / જાગૃતિ વકીલ**

---

## રાપર APMC

રાપર એપીએમસી ખાતે મગ અને મગફળીની ટેકાના ભાવે ખરીદીની શરૂઆત  કરાઇ હતી. મારૂતિ ખરીદ વેચાણ સહકારી મંડળી રાપરે મગફળી અને મગની ખરીદીનું મુહૂર્ત કર્યું હતું. મારૂતિ ખરીદ વેચાણ સહકારી મંડળી લી. દ્વારા સતત 5મી વખત સરકારના ટેકાના ભાવથી ખરીદી શરૂ થતા ખેડૂતોમાં ખુશી ફેલાઈ હતી.

**N.P. / જાગૃતિ વકીલ**

---

## ન્યુમોનિયા દિવસ

સમગ્ર દેશમાં ગત વર્ષે 26 હજારથી વધુ બાળકો ન્યુમોનિયા રોગના કારણે મૃત્યુ પામ્યા છે. ગુજરાતમાં ન્યુમોનિયાના રોગથી સરેરાશ ત્રણ બાળકો દરરોજ જીવ ગુમાવે છે. આ રોગ અંગે જાગૃતિ કેળવવાના ઉદેશ્યથી આજે વિશ્વ ન્યુમોનિયા દિવસની ઉજવણી થઇ રહી છે ત્યારે તજજ્ઞોના મતે ખાસ કરીને હાલ શિયાળાની શરૂઆતની ઋતુમાં અસ્થમા અને ફેફસા સંબંધી રોગોમાં ખાસ સાવચેતી રાખવા જરૂરી છે.

**N.P. / જાગૃતિ વકીલ**

---

## ગાંધીધામ નાનક જયંતી ઉજવણી

માનવીને સ્નેહ અને સત્યનો માર્ગ બતાવવા શીખોના ગુરુ નાનક સાહેબની જયંતી નિમિત્તે કચ્છના ગાંધીધામ ખાતે 555 મા પ્રકાશપર્વની ઉજવણીની શરૂઆત રવિવારથી થઇ છે. પાંચ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો સાથે થનારી નાનક જયંતીની ઉજવણીના અંતમાં ગુરુનું લંઘર વિતરણ કરાશે તેવું આયોજકોની યાદીમાં જણાવાયું છે.

**N.P. / જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------

## બાળદિન RSC ભુજ

રિજનલ સાયન્સ સેન્ટર, ભુજ ખાતે 14 નવેમ્બર 2025 ના “લિટલ સ્માઈલ ફેસ્ટિવલ”નું આયોજન કરી રહ્યું છે! બાળ દિવસના આ મહોત્સવમાં બાળકો માટે મજા, આનંદ અને શીખવાનો અનુભવ ક્વિઝ, એનિમેટેડ મૂવી શો વગેરે રસપ્રદ કાર્યક્રમો યોજાશે. જેમાં ભાગ લેવા આ નંબર પર 7043924605 રજીસ્ટ્રેશન કરાવવા આયોજકો દ્વારા જણાવાયું છે.

**N.P. / જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------